# -: રમઝાન મહીનાની પરખ :-

- ✪ ઝિંદગી વધારવાને બદલે સુધારવાનો મહીનો - રમઝાન.
- ✪ બુરાઈઓ, લગઝિશો, કોતાહીઓ અને બદ-ખયાલોના મૈલને અસરકારક ધોતું ઈલાહી ડીટરજન્ટ પાવડર - રમઝાન.
- ✪ દર ૬ કલાકે મુમેનીનમાં મોહબ્બત, ઈખ્લાસ, દોસ્તી અને ભાઈચારાનું ૩૦ દિન વાસ્તે રૂહાની ટોનીક પૈશ કરતો - રમઝાન.
- ✪ અરકાને શરીઅતની પાબંદી વાસ્તે રોઝ સબક આપતો મહેરબાન ઉસ્તાઝ - રમઝાન.
- ✪ અપના ચહીતા દાઈઝઝમાન (ત.ઉ.શ.) ની દહેલીઝ મુબારક પર આવીને દસ્તબદસ્તા થઈને વાજેબાત અદા કરવાની રાહ બતાવતો હાદી - રમઝાન.
- ✪ અમલે નૈકથી મુમિનના નફસો જાનને નૂરાની લિબાસ પહેરાવતો - રમઝાન.
- ✪ હાજતમંદો-ઝરૂરતમંદોને માલી ઈમ્દાદ વાસ્તે મુમિનને રગબત અપાવતો દોસ્ત - રમઝાન.
- ✪ વેપાર-રોઝગારમાં કસ્બે હલાલથી રોઝી કમાવવા વાસ્તેનો ખઝાનો - રમઝાન.
- ✪ જિસ્મના તમામ આઅઝાઓમાં રોઝું રખાવી બિમારીથી શિફા અપાવતો ડૉક્ટર - રમઝાન.
- ✪ ઈદની ખુશી અને ફરહતની બહાર લાવવા વાસ્તેનું દિલકશ ગુલિસ્તાન - રમઝાન.
- ✪ એક ફરઝની એક નહીં મગર ૭૦ ફરઝનો સવાબ ઓફર કરતી જન્નતી કંપની - રમઝાન.
- ✪ હર મુમિનના ઘરમાં નફીસમાં નફીસ નેઅમતો અને હદીયાઓની સૌગાત લાવતો મહેમાન - રમઝાન. ★